ISSN: 2319-202X

# પ્રાથમિક શાળાઓમાં થતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરોનો અભ્યાસ

**ડૉ. જીજ્ઞેશ રાઠોડ**
ઉપ શિક્ષક, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત. શાળા ક્રમાંક : 295 ઉન, સુરત.
MO: 9427211898 E-Mail jigneshr6009@gmail.com

**'Education means to Draw out'** વ્યકિતમાં રહેલી શકિત કે ક્ષમતાને ઓળખી તેને બહાર લાવવાનું કામ શિક્ષણ કરે છે. તેથી શિક્ષણનો અર્થ વર્ગખંડ, પાઠ્યપુસ્તક કે અભ્યાસક્રમ પૂરતો સિમિત નથી. શિક્ષણની સાથે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ એટલુ જ મહત્વ છે. બાળકની વિવિધ ક્ષમતાઓ માટે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓએ મહત્વનું પ્લેટફોર્મ પુરુ પાડે છે. આજના સમયમાં વિજ્ઞાન–ટેકનોલોજી અને તેના અત્યાધુનિક માધ્યમોએ માહિતી ક્રાંતિ સર્જી છે અને દૂનિયાના બધા દેશો આગળ વધવા માટે પ્રયત્નશીલ છે. દેશનું માનવ સંસાધન કેળવાયેલુ અને કૌશલ્ય સંપન્ન હશે તો દેશ ઝડપથી પ્રગતિ કરી શકશે, અને આવી માનવશકિતને કેળવવાનું કાર્ય પ્રાથમિક શિક્ષણથી શરૂ થાય છે.

પ્રાથમિક કેળવણી ક્ષેત્રે વિદ્યાર્થીને પોતાની શકિત, ક્ષમતા, ગુણો, કૌશલ્યોને કેળવવા માટે જેટલા પ્રમાણમાં તકો મળશે એટલો જ તેમનો વિકાસ થશે. જે તેમને ભવિષ્યમાં એક કૌશલ્ય સંપન્ન નાગરિક બનાવશે. શાળા કક્ષાએ થતી સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની બાળક પર શિક્ષણકાર્ય પર વિશેષ અસરો જોવા મળે છે. સહશૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન અને વ્યવ–સ્થાપન જો યોગ્ય રીતે ન થતું હોય, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું પ્રમાણ વધુ હોય અને શિક્ષણકાર્ય પર તેની વિપરીત અસર થતી જોવા મળતી હોય છે. વાસ્તવિકતા શું છે જે જાણવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતા એ નીચે દર્શાવેલ સમસ્યા પસંદ કરી હતી.

**પ્રાથમિક શાળાઓમાં થતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરોનો અભ્યાસ**

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સહ હાથ ધર્યો હતો.

- નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરોનો અભ્યાસ કરવો.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરો સંદર્ભે શાળાના આચાર્યોના અભિપ્રાયો જાણવા.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરો સંદર્ભે શાળાઓના શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

**અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.

- નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર કેવી અસરો થાય છે?
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરો સંદર્ભે શાળાઓના આચાર્યના શું અભિપ્રાયો ધરાવે છે?
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરો સંદર્ભે શાળાઓના શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

**અભ્યાસનું સીમાંકન**

પ્રસ્તુત અભ્યાસનું સીમાંકન દર્શાવ્યા મુજબ કર્યું હતું.

અભ્યાસ સર્વેક્ષણાત્મક પ્રકારનો હતો.

પ્રસ્તુત અભ્યાસ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત કુલ 325 પ્રાથમિક શાળાઓ પૈકી ચાર ઝોનની 20 શાળાઓ પૂરતો સિમિત હતો. જેમાંથી મુખ્ય શિક્ષક અને શિક્ષકો મળી ઝોન દીઠ 25( 1+4X5=25) લેખે કુલ 100 પૂરતો સિમિત હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની 325 શાળાઓ અભ્યાસનું વ્યાપ વિશ્વ હતું. જે પૈકી અભ્યાસ માટે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એમ ચાર ઝોનમાંથી દરેક ઝોનમાંથી પાંચ લેખે કુલ 20 શાળાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી. પસંદ કરવામાં આવેલી નમૂનાની શાળાઓમાંથી મુખ્ય શિક્ષક અને શિક્ષકો મળીને 25 પ્રમાણે કુલ 100 લોકોની પસંદગી કરવામાં આવી હતી. નમૂનાની પસંદગી સ્તરિકૃત યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિથી કરવામાં આવી હતી.

**અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક/સર્વેક્ષણ પ્રકારનો હોઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે મુખ્ય શિક્ષક અને શિક્ષકો પાસેથી અભિપ્રાયો મેળવવા સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રિકરણની રીત**

પ્રસ્તુત અભ્યાસ માટે જરૂરી માહિતી એકત્રિત કરવા નમૂના તરીકે પસંદ કરાયેલી 20 શાળાઓના મુખ્ય શિક્ષક અને શિક્ષકો મળી કુલ ૧૦૦ અભિપ્રાયાવલિ ટપાલના માધ્યમથી

પરિપત્ર સાથે શાળાઓમાં પહોંચાડવામાં આવી હતી. ભરાયેલ અભિપ્રાયાવલિ ઝોન પ્રમાણે એકત્ર કરી શિક્ષણ સમિતિમાં શાસાનાધિકારીની કચેરી સુધી પહોંચાડવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

અધ્યેતાએ માહિતી પૃથક્કરણ માટે વર્ણનાત્મક અંકશાસ્ત્રીય પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

મુખ્ય શિક્ષકો અને શિક્ષકો તરફથી અભિપ્રાયાવલિમાં પ્રાપ્ત અભિપ્રાયો પરના કાચા પ્રાપ્તાંકોને સારણીમાં ગોઠવવામાં આવ્યા હતા. તેમજ આવૃત્તિ વિતરણ, સરાસરી અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી.

**અભ્યાસના તારણો**

અભ્યાસના મહત્વના તારણો નીચે મુજબ છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની શિક્ષણકાર્ય પર થતી અસરો સબંધી તારણો**

અભ્યાસક્રમ અધૂરો રહી જાય છે.

શિક્ષકોનો કાર્યબોજ વધે છે.

વિદ્યાર્થીઓના જીવનમૂલ્યો પર અસર પડે છે.

બાળકોમાં સાંસ્કૃતિક મૂલ્યો કેળવાય છે.

બાળકોમાં જીવન કૌશલ્ય વિકસે છે.

કેટલીક્વાર તણાવ જોવા મળે છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિની શિક્ષણકાર્ય પર થતી અસરો સંદર્ભે શાળાના મુખ્ય શિક્ષકોના અભિપ્રાયો આધારિત તારણો**

શાળાના પરિણામમાં સુધારો થયો છે.

તહેવારોની ઉજવણીથી તેની પાછળનું હાર્દ સમજાય છે.

પ્રવૃત્તિઓના આયોજન માટે જરૂરી સાધનો અને સુવિધાઓનો અભાવ છે.

શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રત્યાયન(communication) વધે છે.

પુસ્તકાલયનો ઉપયોગ વધ્યો છે.

પ્રવૃત્તિઓથી શાળાના વ્યવસ્થાના પ્રશ્નો ઉદ્ધભવે છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિની શિક્ષણકાર્ય પર થતી અસરો સંદર્ભે શાળાના શિક્ષકોના અભિપ્રાયો આધારિત તારણો**

બાળકોની ક્ષમતા જાણી શકાય છે.

વિદ્યાર્થીઓ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા થયા છે.

શિક્ષકો સ્વૈચ્છિક રીતે પ્રવૃત્તિઓમાં જોડાવાનું પસંદ કરતા નથી.

શિક્ષકો વર્ગકાર્ય પર ધ્યાન આપી શકતા નથી.

વિદ્યાર્થીઓ વચ્ચે ઈર્ષ્યા થતી નથી.

શિક્ષકોમાં નેતૃત્વનો ગુણ વિકસે છે.

**ઉપસંહાર**

શિક્ષણના માધ્યમથી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિ બહાર લાવી શકાય તે માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિ આવશ્યક છે. શાળાકક્ષાએ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની સારી અને નબળી અસરોનો આધાર તેના આયોજન ઉપર છે. **'અભ્યાસ એ ભોજન થાળ છે તો સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ તેમાં પીરસાતી મિઠાઈ છે'**. આમ, મુખ્ય પ્રશ્ન પ્રવૃત્તિઓના આયોજન, અમલીકરણના વિવેક પર રહેલો છે.

**સંદર્ભસૂચિ**

**Best, J.W.**(1963). **Research in education,** New Delhi: Prentice hall of India.

**ભાવસાર,એમ.એ.**(૨૦૦૭).**નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોષ,** અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર પ્રકાશન

**Kaul,l.**(1984).**Methodology of educational research.**New Delhi: Veni educational books.

**શાહ,ડી.બી.**(૨૦૦૯).**શૈક્ષણિક સંશોધન,** અમદાવાદ : પ્રમુખ પ્રકાશન

**ઉચાટ, ડી. એ.**(૨૦૦૯ ).**શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર,** સાહિત્ય મુદ્રણાલય : અમદાવાદ

## અંગ્રેજી ભાષા શિક્ષણ માટેની જરુરી વેબસાઇટ

- http://a4esl.org/
- http://carla.acad.umn.edu/
- http://www.eslcafe.com/
- http://resources.hkedcity.net/
- http://iteslj.org/ESL.html
- http://www.teachitprimary.co.uk/
- http://www.teachingenglish.org.uk/
- http://www.teachitprimary.co.uk/
- http://www.tefl.net/esl-lesson-plans/
- http://www.language-education.com/eng/index.asp
- http://www.edufind.com/english/grammar/
- http://www.rong-chang.com/
- http://www.englishclub.com/
- http://www.webenglishteacher.com/index.html

**સંકલન**

**ડો. કલ્પેશ વિ. પટેલ**

**આસિ. પ્રોફેસર, શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજ, અણિતા, (કિમ)**